જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૧૨/૨૦૨૫ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૮૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૨ કેસ કરી, ૫૯ વ્યક્તિઓને ઝડપી, ૩૩૦ લીટર દેશી દારૂ, ૧૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૨૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૨ સ્કુટર, ૦૧ મોટર સાયકલ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૫,૪૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૭૮૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૭૮૨/૨૦૨૫**

ઘાટલોડીયાઃ કવન સ/ઓ તપનભાઇ જયસ્વાલ (ઉ.વ.૨૯)(રહે.બીના પાર્ક સોસાયટી, બ્રહ્માણી માતાજીના મંદિર પાસે ઘાટલોડીયા) એ તા.૧૭/૧૨/૨૦૨૫ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૪/૨૦૨૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન ઘાટલોડીયા ઉમિયા હોલ ત્રણ રસ્તા પાસે વાસુકાનન ફ્લેટ ખાતે આરોપી (૧) જતીન અરવિંદ કાવા (રહે. દર્શનમ આગમન ફ્લેટ સોમા તળાવ વડોદરા) અને (૨) પરીક્ષિત મનહરભાઇ પટેલ (રહે.વડોદરા) એ ભેગામળી કવન જયસ્વાલને કેનેડાના વર્ક વિઝા અપાવવા માટે વિશ્વાસમાં લઇ તેમની પાસેથી રૂપિયા ૫,૫૦,૦૦૦/– મેળવી લીધા હતા. દરમ્યાન વર્ક વિઝા નહી કરી આપતા આપેલ રૂપિયાની પરત માંગણી કરતા, રૂપિયા ૨૫,૦૦૦/– પરત આપી બાકી નિકળતા રૂપિયા ૫,૨૫,૦૦૦/– પરત નહી આપી કવન જયસ્વાલ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.શાહ ચલાવે છે.

નરોડાઃ કેયુર સ/ઓ રામજીભાઇ રબારી (ઉ.વ.૨૯)(રહે. આરતી સોસાયટી ઉત્તમનગર કોઠીયા હોસ્પીટલની બાજુમાં નિકોલ) એ તા.૧૭/૧૨/૨૦૨૫ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૧૦/૨૦૨૫ સાંજના ૫/૦૦ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન કૃષ્ણનગર ખાતેથી આરોપી (૧) નિશીથભાઇ (૨) આર્યન ભદોરીયા અને (૩) જૈનીશભાઇ પટેલ નાઓએ ભેગામળી કેયુર રબારીની મહેન્દ્ર કંપનીની થાર ગાડી નંબર જીજે.૧૮.ઇબી.૧૧૨૧ કિમત રૂપિયા ૧૨,૦૦,૦૦૦/– કેયુર રબારી પાસેથી સેલ્ફ ડ્રાઇવીંગ માટે લઇ જઇ ગાડી પરત નહી આપી કેયુર રબારી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આઇ.રાવળ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૭૮૩/૨૦૨૫**

શાહીબાગઃ મિતેષભાઇ જલાભાઇ રબારી (ઉ.વ.૨૮)(રહે. દર્શન કોમ્પલેક્ષ અર્જુન ટાવર પાસે ઘાટલોડીયા) એ તા.૧૭/૧૨/૨૦૨૫ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૨/૨૦૨૫ સાંજના ૦૫/૧૫ વાગ્યાના સુમારે મિતેશભાઈ રબારીના માસી અન્ય સંબંધી બહેનો સાથે શાહીબાગ અષ્ટમંગલ કોમ્પલેક્ષ ખાતે અરીહંત સાડીની દુકાનની સામે ખરીદી કરતા હતા ત્યારે અજાણી વ્યક્તિએ મિતેશભાઈ રબારીના માસીની નજર ચુકવી તેમની બેગમાંથી નાનું પર્સ ચોરી કરી લીધું હતું. જે નાના પર્સમાં રોકડ રૂપિયા ૪૫,૦૦૦/– હતા. આ ગુનાની તપાસ હે.કો.શ્રી વિનુજી હરીસિંહ ચલાવે છે.

દાઝી જતાં મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૭૮૪/૨૦૨૫**

વેજલપુરઃ અમરસિંગ મગનજી ઠાકોર (ઉ.વ.૫૫) (રહે. ચામુંડાનગર સોસાયટી બુટ ભવાની આગળ વેજલપુર ગામ) તા.૧૬/૧૨/૨૦૨૫ સવારના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગેસની સગડી લાઈટરથી સળગાવવા જતા ભડકો થતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૭/૧૨/૨૦૨૫ કલાક ૧૨/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એમ.પટેલ ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૭૮૫/૨૦૨૫**

વસ્ત્રાપુરઃ અમદાવાદ જાદવનગર ભરવાડ વાસ ખાતે રહેતા અને વસ્ત્રાપુર ગુરુકુળ મંદિરની બાજુમાં આવેલ કડીયા નાકાથી મજુરી કામ કરતા (૧) કપુરચંદ કાળુજી પારધી (ઉ.વ.૩૦) (મુળ વતન. ટેમરન તા–આનંદપુરી જી–બાંસવાડા રાજસ્થાન) અને (૨) મુકેશચંદ લક્ષ્મણલાલ નીનામા (ઉ.વ.૧૯) (મુળ વતન. ગમાના તા–આનંદપુરી જી–બાંસવાડા રાજસ્થાન) તા.૧૭/૧૨/૨૦૨૫ બપોરના ૦૧/૦૦ વાગ્યાના સુમારે વસ્ત્રાપુર જી.એમ.ડી.સી.બીલ્ડીંગની બાજુમાં ગોદરેજ નામની નવી બનતી સાઇટ ખાતે આઇસર ગાડીમાંથી મારબલ પથ્થર ઉતારતા હતા ત્યારે મારબલ પથ્થર ઢળી પડતા કપુરચંદ પારધી અને મુકેશચંદ નીનામા નાઓની ઉપર પડતા બન્ને પથ્થર નીચે આવી જતા બન્નેને ગંભીર ઈજાઓ થતા બન્નેને સારવાર માટે સોલા સિવિલ હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ બન્નેને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પુ.મ.સ.ઈ.શ્રી કાજલબહેન ગોરધનભાઈ ચલાવે છે.

સાબરમતીઃ બંસીલાલ નાનજીભાઇ રોત (ઉ.વ.૪૦) (રહે. સાબરમતી) તા.૧૬/૧૨/૨૦૨૫ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે સાબરમતી ચેનપુર રાયઝોનીક નામની સાઇટ ખાતે ઓફીસના ચણતરનું પ્લાસ્ટર કામ કરતા હતા ત્યારે ઓફીસની દિવાલ તેમની ઉપર પડતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને ગોતા સનરાઇઝ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૯/૩૨ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રજનીકાંત શંકરલાલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી